COUNT US IN 2020

There's Power In Being Counted

ASIAN AMERICANS ADVANCING JUSTICE

COUNTUSIN2020.ORG

# વસ્તીગણતરીના ખાનગી નિયમો

## U.S. માં રહેતા દરેક લોકોની વસ્તીગણતરી કરવામાં આવશે

- વસ્તીગણતરી પ્રમાણે તમારા ક્ષેત્રમાં શાળાઓ, આરોગ્યસંભાળ અને અન્ય આવશ્યક સેવાઓ માટે કેટલું ભંડોળ ફાળવવામાં આવે છે તેના પર અસર કરે છે - તમારા સમાજમાં જેટલા વધુ લોકોની ગણતરી કરવામાં આવશે તેટલું વધુ ભંડોળ તમારા સમાજને પ્રાપ્ત થશે.
- ***જ્યારે તમે વસ્તીગણતરીનો જવાબ આપો છો, ત્યારે તમે એ જરૂર મદદ કરો જેથી તમારા કુટુંબ અને સમાજને ભંડોળ, સેવાઓ અને રાજકીય પ્રતિનિધિત્વમાં યોગ્ય ભાગ મળે છે!***

વસ્તીગણતરીમાં તમારા પરિવારમાં રહેતા દરેક વ્યક્તિ વિશે ઉંમર, નામ, જાતિ અને વંશ વિશે પ્રશ્નો પૂછવામાં આવે છે. **2020 ની વસ્તીગણતરીમાં ઇમિગ્રેશન અથવા સીટીઝનશીપ વિશે પૂછવામાં આવશે *નહીં*.**

## વસ્તીગણતરી માટેના તમારા જવાબો સંપૂર્ણપણે ખાનગી રાખવામા આવશે.

- ખૂબ જ મજબૂત કાયદા તમારી વસ્તીગણતરીની માહિતી ખાનગી અને સુરક્ષિત રાખે છે.
- સેન્સસ બ્યુરો (વસ્તીગણતરીના કાર્યાલય) ને તમારી વ્યક્તિગત માહિતી ICE, પોલીસ, અથવા અન્ય કોઈપણ સરકારી એજન્સીઓને આપવાની મંજૂરી નથી.
- સેન્સસ બ્યુરો તમારી માહિતીનો ઉપયોગ માત્ર વસ્તી વિશેની સામાન્ય માહિતી જાણવા માટે જ કરી શકે છે, જેમ કે તમારા શહેરમાં કેટલા લોકો રહે છે, અને તેમની ઉંમર, લિંગ અને જાતિ વિશેનાં આંકડા માટે. સેન્સસ બ્યુરો વ્યક્તિગત રૂપે તમારા વિશે માહિતી શેર કરી શકશે નહીં.

કાયદા મુજબ દરેક વ્યક્તિએ વસ્તીગણતરી માટે સંપૂર્ણ જવાબ આપવા અને તમામ પ્રશ્નોના સાચા જવાબ આપવા જરૂરી છે. વસ્તીગણતરીમાં ખોટી માહિતી આપશો નહીં.

જો તમે તમારું નામ અને સરનામું આપો છો અને એક અથવા બે પ્રશ્નોના જવાબ આપતા નથી તો પણ તમારા ફોર્મની ગણતરી કરવામાં આવશે.જો તમે વધુ પ્રશ્નોના જવાબ આપતા નથી અથવા વસ્તીગણતરીનો બિલકુલ જવાબ આપતા નથી તો, સેન્સસ બ્યુરો ફોન દ્વારા અથવા સેન્સસ બ્યુરોના કાર્યકરને તમારા ઘરે મોકલીને, ખૂટતી માહિતી અંગે તમને પૂછી શકે છે. તમે જેટલા ઓછા પ્રશ્નો છોડશો, તેટલી સેન્સસ બ્યુરોને તમારો સંપર્ક કરવાની સંભાવના ઓછી રહેશે.

*તમે વસ્તીગણતરી વિશે વધુ માહિતી www.countusin2020.org/resources પર મેળવી શકો છો.*